

આઈપીએલ-૮ : દિલ્હી, મુંબઈ, જયપુરમાં દરોડા Page-6

**સુવિચાર : ડગલેને પગલે જુઠું બોલનારો આદમી પોતાના શબ્દને ખોખરો કરી નાખે છે - સરદાર પટેલ**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૩ ૨૩ મે, ૨૦૧૫, શનિવાર ; જેઠ સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દહેગામ તાલુકા પંચાયતનું નવુ સીમાંકન જાહેર

## ૨૮ બેઠકો બનતાં પંચાયતના રાજકારણમાં ગરમાવો : ૧૪ બેઠકો મહિલાઓ માટે અનામત : સૌથી વધુ મતદારો દેવકરણના મુવાડા અને સૌથી ઓછા મતદારો ધમીજ બેઠક પર નોંધાયેલા છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની દહેગામ તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લાની ચાર તાલુકા પંચાયતો પૈકી દહેગામ તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જાહેર થતાં જ પંચાયતના ચૂંટણી રસિયાઓમાં સળવળાટનો અનોખો સંચાર થવા પામ્યો છે અને રાજકીય માહોલ ધીમી ગતિએ ગરમાઈ રહ્યો છે.

દહેગામ તાલુકા પંચાયતના નવા સીમાંકનમાં કુલ બેઠકો ૨૮ જાહેર કરવામાં આવી છે જેમાં ૧૪ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

પંચે પ્રસિદ્ધ કરેલા આદેશમાં અમરાજીના મુવાડા બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખી છે. આ ઉપરાંત ચેખલા પગીની બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખી છે. તો નવા નગરની બેઠક અનુસૂચિત આદિજાતિના ઉમેદવાર માટે અનામત રાખી છે.

સામાન્ય સ્ત્રી માટે દેવકરણના મુવાડા, ધારીસણા, ધમીજ, હાલીસા, હજીના મુવાડા, હરસોલી, હિલોલ, જીંડવા અને કડાદરા, કડજોદરા, કનીપુર તથા કરોલીની બેઠક અનામત રાખી છે. આ બેઠકો મહિલા માટે અનામત થતાં તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો આવવા પામ્યો છે.

ખાનપુર, લવાડ, લિહોડા, નાંદોલ પાલુન્દ્રા, પાટનાકુવા, પીપળજ, રખીયાલ, સાંપા, સાણોદા અને વાસણા સોગઠીને સામાન્ય બેઠકો

● અનુસંધાન પાન-૭ પર

## પાકી કેસર કેરીનું આગમન



(તસવીર : કશ્યપ નિમાવત)

# મહાત્મા મંદિર ખાતે ૨૫-૨૬એ બાળ-ચિત્રકારો, બાળ કવિઓ મળશે

## શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ ૮ વિજેતાઓને રૂ. ૫ હજારથી ૧૦ હજારના ઈનામોથી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

મહાત્મા મંદિર ખાતે આગામી ૨૫-૨૬ મે ના રોજ રાજ્યના બાળ ચિત્રકારો અને બાળ કવિઓનું એક અનોખુ આયોજન શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે કરેલા પરિપત્ર મુજબ આ બાળ સંમેલન એ મહાત્મા મંદિરમાં યોજાતુ એક તદ્દન નોખુ સંમેલન છે. જિલ્લા કક્ષાએ નિર્વાણ દિને યોજાયેલ ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ખાસ તાલિમ આપી અને મહાત્મા મંદિરમાં તેમની ચિત્ર સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં વિજેતા બનનાર બાળકને રૂ. પાંચ હજારથી લઈ રૂ. ૧૦ હજાર સુધીના ૮ જેટલા ઈનામોથી સન્માનિત કરવામાં આવનાર છે. રાજ્યના તમામ જિલ્લાના ૫૦૦ થી પણ વધુ બાળ ચિત્રકારો આ સ્પર્ધામાં જોડાવાના છે.

આ ઉપરાંત બાળકવિ સંમેલન યોજવાની મુખ્યમંત્રીએ કરેલી ઘોષણા પછી જિલ્લામાંથી માંગવામાં આવેલી અરજીઓની ચકાસણીને અંતે ૧૫૦ થી વધુ બાળ કવિઓ તેમની કૃતિ મુખ્યમંત્રી શ્રીમતિ

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ હવે ૨૮મીએ જાહેર થશે

## ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૩૦મીએ અને ધોરણ-૧૦નું ૨જી જુને પરિણામ બોર્ડ દ્વારા પરિણામની તારીખમાં ફેરફાર કરાયો : વિદ્યાર્થીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના વધી

ગાંધીનગર તા ૨૩

માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરિક્ષાનુ પરિણામ આગામી તા ૨૮ મેંના રોજ જાહેર કરવામાં આવશે તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જણાંવાયું છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૬૦૦ જેટલા વિધાર્થીઓએ પરિક્ષા આપી હતી.વિધાર્થીઓ પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહયા છે.ત્યારે બોર્ડ કક્ષાએથી પરિણામ બે દિવસ મોડું જાહેર કરવાનો નિર્ણય લેવાતા પરિણામલક્ષી ઉત્તજના વધી છે.

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાનું પરિણામ ટુંકમાં જાહેર થવાનું હાવાથી વિધાથીઓ તેમજ વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના વધી ગઈ છે. અગાઉ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ તા ૨૫ મેં ના રોજ જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ હવે ધારણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૪ ની પરિક્ષાનું પરિણામ આગામી તારીખ ૨૮ મેંના રોજ ગુરુવારે જાહેર કરવામાં આવશે.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવે જણાંવ્યા મુજબ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષાનું પરિણામ આગામી તા ૩૦ મેં ના રોજ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ અગાઉ તા ૨૫ મેં ના રોજ જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો.જયારે આ સંદર્ભે તારીખમાં ફેરફાર થતા વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૪ નું પરિણામ હવે તા ૨૮ મેંના રોજ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૬૦૦ જેટલા વિધાર્થીઓએ પરિક્ષા આપી હતી. બોર્ડ પરિક્ષાની તારીખમાં ફેરફાર થતા વિધાર્થીઓ તેમજ વાલીઓમાં ઉત્તેજના બેવડાઈ છે.

# રાજયભરમાં આવાસ યોજના અંતર્ગત લોકાર્પણ ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૨૨

રાજયના તમામ જિલ્લાઓમાં આજે સાંજે એક સાથે શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ખાતમુહર્ત લોકાર્પણના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

ગુજરાતની ભાજપ સરકારના શાસનને એક વર્ષ પૂર્ણ થતાં રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ વિકાસ કામોની વિગતો પ્રજા સુધી પહોંચાડવા અને એક વર્ષના શાસનની ઉજવણીના ભાગરૂપે રાજય સરકાર દ્વારા ૨૨મી મે થી ૨૬મી મે સુધી વિવિધ કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.

જેના ભાગરૂપે આજે શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આવાસ યોજનાના કામોના ખાતમુર્હત અને લોકાર્પણના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

Admissions Open

Little Angels' School

682/2, Govt. Qtrs, Sector No. 8, Gandhinagar

Ph No. : 079 232 45153



Want to see your child become a success story?

You know where to send them!

Admissions open for

Playgroup, pre-primary and primary ( Std I to VIII )

Contact: 079 232 45153 between 9 am and 12 noon

તંદુરસ્ત આપ... તંદુરસ્ત ભારત.

નં. 1 ઘરઘંટી 100% એલ્યુમીનીયમ ફ્રી (કેન્સરજન્ય ધાતુ વિનાનું)

ગ્રાઈન્ડીંગ ચેમ્બર લાઈફટાઈમ ગેરંટી સાથે



| વિગત | મીલ્સેંટ | નટરાજ | માઈક્રોફાઈન |
|---|---|---|---|
| હાઈટેક પાવર સેવર મોટર (સિલિકોન સ્ટેમ્પીંગ અને SKF બેરીંગ્સ) | ✓ | X | X |
| 100% એલ્યુમીનીયમ ફ્રી ગ્રાઈન્ડીંગ ચેમ્બર | ✓ | X | X |
| ઓટો ગ્લો | ✓ | ✓ | X |
| શોકપ્રુફ વાયરીંગ વીથ ટુ પોલ મેઈન સ્વીચ | ✓ | X | X |
| સ્ટેઈનલેસ સ્ટીલની જાળીઓ | ✓ | ✓ | X |
| સ્ટેઈનલેસ સ્ટીલનું પ્લેટફોર્મ | ✓ | X | X |
| પ્લાયવુડનું મજબુત બોડી (ભૂસા બોર્ડ નહીં) | ✓ | X | X |
| સૌથી મોટો ગ્રાહક સમૂદાય | ✓ | X | X |

મીલ્સેંટ મીક્સર ગ્રાઈન્ડર રૂા. 3490/- mrp નું ફ્રી



CE INDIA DESIGN MARK

મીલ્સેંટ

60 વર્ષોનો વિશ્વાસ

*શરતો લાગુ. ONE-milcent-05-15

• ગાંધીનગર : ચંદન ઈલેક્ટ્રોનિક્સ : 23225121 • ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ : 23241511 • હર્ષ વિઝન : 23240716 • સેફ ઝોન : 7698111182 • કલોલ : શ્રી ઈલેક્ટ્રોનિક્સ : 224420 • દહેગામ : ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ : 230958 • દેવાંગ ઈલેક્ટ્રોનિક્સ : 9173240703 • અપ્પુ ઈલેક્ટ્રોનિક્સ : 9925327474 • ચિલોડા : સતગુરૂ ઈલેક્ટ્રોનિક્સ : 9426273954 • સાણંદ : શ્રી શિવશક્તિ ઈલેક્ટ્રોનિક્સ : 9974290065 • કુડાસણ : શીવ હોમ એપ્લાયન્સીસ : 8980933111 • માનસી ઈલેક્ટ્રોનિક્સ : 9824604295 • ગોજારીયા : કુમકુમ ઈલેક્ટ્રોનિક્સ : 9979864421 • માણસા : ગોપી ઈલેક્ટ્રોનિક્સ : 270774 માઁ ઈલેક્ટ્રનિક્સ વર્લ્ડ : 9998514188 • વિરમગામ : મારૂતી ઈલેક્ટ્રોનિક્સ : 234593 • રખીયાલ : અર્બુદા ઈલેક્ટ્રોનિક્સ : 9429023840 • બહીયલ : ખ્વાજા ઈલેક્ટ્રોનિક્સ : 9909293786 • મહેસાણા : જય ટ્રેડીંગ કોર્પોરેશન, રાજમહલ રોડ, 221287 • ITI કોલેજ, 233902 • પ્રહર સેલ્સ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, 9558510949 • શ્રી ઓમ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સેલ્સ સર્વિસ, 9727005546 • વિસનગર : ગ્લોબલ ઓનેસ્ટ એજન્સી, 222489 • સેલ્સ ઈન્ડિયા, 9879215403 • હિંમતનગર: શેઠ ટ્રેડીંગ કોર્પોરેશન, 242871 • શ્રીરામ હોમ, 9377746737 • સેલ્સ ઈન, 232189 • પાલનપુર : મહેશ્વરી સેલ્સ, 252775 • અરવીંદ ઈલેક્ટ્રોનિક્સ, 9427516336 • સર્વોદય એન્જીનીયરીંગ કંપની, 252212 • વડનગર : મેઘા ટીવી પેલેસ, 9879675031 • શંખેશ્વર : હિના ઈલેક્ટ્રો., 9909233701 • મોડાસા : ક્રિષ્ના કોર્નર, 9879489112 • માધવ માર્કેટીંગ, 9427530659 • બાયડ : ક્રિષ્ના મોટર, 9426592884 • ખેડબ્રહ્મા : જ્યોતિ ઈલેક્ટ્રોનિક્સ, 9712263400 • વિજાપુર: ન્યૂ ચાણસ્મા વહાણવટી, 220542 • ધનસુરા : મનોજ ઈલેક્ટ્રોનિક્સ, 9913551721 • તલોદ : સત્યનારાયણ સેલ્સ, 221626 • અંબાજી : બનાસ એન્ટરપ્રાઈઝ, 262670 • ડીસા : જલારામ એપ્લાયન્સીસ, 222226 • ઈડર : કલાપી સેલ્સ, 254474 • હારીજ : પ્રવિણ સેલ્સ એજન્સી, 223161 • કડી : શ્યામ ઈલેક્ટ્રોનિક્સ, 7383220120 • વિજય સેલ્સ, 263083 • અક્ષર ઈલેક્ટ્રોનિક્સ, 9898191929 • ઊંઝા : ઉત્તમ સેલ્સ, 9426422608 • પાટણ : ન્યૂ ભારત રેડિયો, 9898721263 • સિટી સેલ્સ, 9574177557 • તિલક ડિજીટલ, 210088 • પ્રભાત સેલ્સ એજન્સી, 9898925227 • સતલાસણા : ક્રિષ્ના ઈલેક્ટ્રોનિક્સ, 9426035355 • વારાહી : બ્રહ્માણી ઈલેક્ટ્રોનિક્સ, 9979695337 • ધાનેરા : દુર્ગા સેલ્સ, 223783 • સિધ્ધપુર : મનીષા ઈલેક્ટ્રોનિક્સ, 9879542201 • બહુચરાજી : મારૂતી ઈલેક્ટ્રોનિક્સ, 9909536648 • ચાણસ્મા : મારૂતી ઈલેક્ટ્રોનિક્સ, 9924246941 • મેઘરજ : બંગા સેલ્સ, 9978794283 • માલપુર : જલારામ ઈલેક્ટ્રોનિક્સ સ્ટોર, 223208 • કલોલ : શ્રી ઈલેક્ટ્રોનિક્સ, 224420 • થરા : પ્રભાત સેલ્સ એજન્સી, 9898925227 • દીયોદર : ઓમ ઈલેક્ટ્રોનિક્સ, 9427039623 • ખેરાલુ : ગાયત્રી ઈલેક્ટ્રોનિક્સ, 9426042083

હે.ઓ : મીલ્સેંટ, 20, જી.આઈ.ડી.સી. વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ. ફોન : 02692-235223, 235323

Email : info@milcentappliances.com Website : www.milcentappliances.com